દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૨ જાન્યુઆરી, ૨૦૨૬

# અરવલ્લી પર્વતમાળા સાથે ચેડા થતા અટકાવવા ખૂબ જ જરૂરી છે

આજકાલ જેના અંગે ભારે વિવાદ ઉભો થયો છે તે અરવલ્લી પર્વતમાળા એ વિશ્વની સૌથી પ્રાચીન પર્વતમાળાઓમાંની એક છે. ગુજરાતના ઉત્તર ભાગથી લઇને દિલ્હી સુધી ચાર રાજ્યોના ૩૭ જિલ્લાઓમાં આ પર્વતમાળા ફેલાયેલી છે. પર્યાવરણીય રીતે આ પર્વતમાળા ખૂબ અગત્યની છે અને રણને ફેલાતું અટકાવવામાં તેની મહત્વની ભૂમિકા છે. હાલની કેન્દ્ર સરકારે આ પર્વતમાળાની વ્યાખ્યા બદલવાનું નક્કી કર્યું અને તેમાંથી મોટો વિવાદ ઉભો થયો છે. અરવલ્લીનો વિસ્તાર કોને કહી શકાય તે માટે એક નવી વ્યાખ્યા કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયે ઘડી કાઢી અને આ વ્યાખ્યા માટે સુપ્રીમ કોર્ટમાંથી મંજૂરી પણ મેળવી લીધી તેનાથી ભારે વિવાદ ઉભો થયો. કેન્દ્ર સરકાર કહે છે કે એકસૂત્રતા લાવવા અને નિયમનકારી સ્પષ્ટતાઓ માટે નવી વ્યાખ્યા જરૂરી હતી પરંતુ પર્યાવરણવાદીઓ, નિષ્ણાતો, જાણકારો અને જનજીવનના જાગૃત પ્રહરીઓએ સ્વાભાવિકપણે જ ભય વ્યક્ત કર્યો કે આ વ્યાખ્યા બદલવાથી આ પર્વતમાળાનો ઘણો ભાગ કાનૂની રીતે રક્ષિત પર્વતમાળાની વ્યાખ્યામાંથી નિકળી જશે અને તે વિસ્તારોમાં ખાણકામ, ઇમારતોનું બાંધકામ જેવી પ્રવૃતિઓ શરૂ થઇ જશે અને છેવટે પર્યાવરણીય રીતે તેના ગંભીર પરિણામો આવશે. નવી વ્યાખ્યા મુજબ અરવલ્લીના જે ભાગની ઉંચાઇ ૧૦૦ મીટરથી ઓછી હોય તે ટેકરી કે પર્વત ગણાશે નહીં, વળી બે ટેકરીઓ કે પર્વતમાળા વચ્ચે ૫૦૦ મીટરથી વધુ અંતર હશે તો તે પર્વતમાળા ગણાશે નહીં. આ વ્યાખ્યા મુજબ તો ઘણો ભાગ અરવલ્લીની પર્વતમાળાની ગણતરીમાંથી નિકળી જશે અને તે ભાગમાં કથિત વિકાસ કાર્યોને છૂટ મળી જશે. આમ થવાથી આ વિસ્તારમાં પણ પ્રદૂષણ શરૂ થઇ જશે, ઇકોલોજીને નુકસાન થશે અને છેવટે ભારે પર્યાવરણીય હાનિ થશે. પર્યાવરણવાદીઓ યોગ્ય રીતે જ કહે છે કે પર્વતમાળાની વ્યાખ્યા કરવા માટે ફક્ત ઉંચાઇ નહીં પરંતુ ઇકોલોજીને પણ ધ્યાનમાં લેવું જોઇએ. નવી વ્યાખ્યા પ્રમાણે તો આ પર્વતમાળા ઘણે ઠેકાણેથી તૂટક તૂટક ગણવામાં આવશે અને વચ્ચે વચ્ચેના ભાગોમાં ઔદ્યોગિક અને ખનન જેવી પ્રવૃતિઓને છૂટ આપી દેવાથી આ પર્વતમાળાને રક્ષિત રાખવાનો ખયાલનો જ એકડો નિકળી જશે. ભારે ઉહાપોહ મચ્યા પછી કેન્દ્ર સરકારે જાહેર કર્યું કે આ પર્વતમાળામાં ખાણકામની કોઇ લીઝ આપવાની રાજ્યોને મનાઇ કરવામાં આવી છે. પણ સરકારની વાતમાં કોઇને ભરોસો પડતો નથી. માથાભારે ભૂમાફિયાઓ અને ખાણિયાઓ અહીં સક્રિય બને તેવો ભય સ્વાભાવિક જ સેવાય છે.

અરવલ્લી પર્વતમાળાની નવી વ્યાખ્યા અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે છેવટે સુપ્રીમ કોર્ટે સોમવારે પોતાના જ ૨૦મી નવેમ્બરના આદેશો પર હાલ રોક લગાવી છે જે આદેશોમાં આ પર્વતો અને પર્વતમાળા અંગેની એક નવી વ્યાખ્યાને સ્વીકૃતિ આપવામાં આવી હતી. ભારતના વડા ન્યાયમૂર્તિ સૂર્યકાંતના વડપણ હેઠળની વેકેશન બેન્ચે આ જ અદાલતના ૨૦ નવેમ્બરના આદેશનો અમલ હાલ મોકૂફ રાખવાનો આદેશ આપ્યો છે અને એક ઉચ્ચ શક્તિશાળી નિષ્ણાત સમિતિની રચના કરવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે પ્રાથમિકપણે જણાય છે કે સમિતિનો અહેવાલ અને તેના આધારે આ અદાલતે અગાઉ આપેલ આદેશમાં કેટલાક અતિ મહત્વના મુદ્દાઓની સ્પષ્ટતા કરવાનું ચૂકી જવાયું છે અને કોઇ પણ નિયમનકારી છીંડાઓ અરવલ્લીની પર્યાવરણીય અખંડિતાને અસર કરે તેમ છે કેમ? તે બાબતે તપાસની જરૂર છે. વાત બિલકુલ બરાબર છે. આપણા રાજકારણીઓ, સત્તાધીશો, તેમની સાથે સાંઠગાંઠ ધરાવતા માથાભારે લેન્ડ ડેવલપરો, ખાણિયાઓ વગેરેની મથરાવટી જોતા આવા નાજુક મામલે બધી સ્પષ્ટતાઓ યોગ્ય રીતે થઇ જાય તે ખૂબ જરૂરી છે.

પર્યાવરણનો મુદ્દો એ આજે તો ખૂબ જ ધ્યાનમાં લેવો જરૂરી મુદ્દો બની ગયો છે. આપણા ભારતની જ વાત કરીએ તો ઉત્તરાખંડમાં પર્યટનના વિકાસના નામે ત્યાંના પર્વતીય વિસ્તારોની નાજુક ઇકોલોજી સાથે જે ચેડા કરવામાં આવ્યા તેના કેવા ભયંકર પરિણામો ત્યાં દેખાવા માંડયા છે અને ત્યાં નજીકના ભવિષ્યમાં કોઇ મોટી હોનારત સર્જાય તેવો ભય ઝળુંબવા માંડ્યો છે તે આપણે જોયું છે. આથી જ અરવલ્લી પર્વતમાળા સાથે ચેડા નહીં કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. આ બાબતે જે લોકોએ જાગૃતિ બતાવી છે અને સુપ્રીમ કોર્ટને સુઓ મોટુ નોંધ લેવાની પ્રેરણા આપી છે તેઓ ખૂબ પ્રશંસાને પાત્ર છે.

## સાચો ભક્ત

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક ગામમાં એક મહાત્માજી ભગવા પહેરી રોજ ગામના પાદરે આવેલા કૂવા ઉપર એક લોખંડની મજબૂત સાંકળથી પોતાનો પગ બાંધી અને ઊંધા કૂવામાં લટકે અને પછી ભગવાનનું નામ લે તેમની તપ કરવાની આ અનોખી રીત. તેઓ હંમેશા ગામવાળાઓને અને પોતાના શિષ્યોને કહેતા કે 'જે દિવસે આ સાંકળ તૂટી જશે ત્યારે મને ભગવાન કૃષ્ણ આવીને બચાવશે અને મને ભગવાન મળી જશે.' મહાત્માજી રોજ આમ તપ કરતા, તેમનું તપને જોઈને અનેક લોકો તેમને જોવા આવતા, ગામવાળાઓ તેમને નમન કરતા અને તેમની તપસ્યાને બધા વખાણતા.

ગામના એક અબૂધ ખેડૂતને થયું કે મહાત્માજી આટલું તપ કરે છે અને ભગવાનને મેળવવાની રાહ જુએ છે. મને પણ ભગવાન મેળવવા છે તો હું પણ મહાત્માજીની જેમ તપ કરું. ખેડૂત પોતાના જ ખેતરમાં આવેલા નાનકડા કૂવામાં જે દોરડાથી પાણી બહાર કાઢતા હતા તે દોરડા સાથે પગ બાંધી અને ઊંધો લટકીને ભગવાન કૃષ્ણનું નામ લેવા લાગ્યો. જે દોરડાના સહારે એક પગને બાંધી કૂવામાં ઊંધો લટકીને ખેડૂત ભગવાન કૃષ્ણનું નામ જપ કરતો હતો અને તે દોરડું રોજ પાણી કાઢવા માટે વપરાતું હતું એટલે ઘસાયેલું હતું. થોડી જ વારમાં દોરડું તુટ્યું અને ખેડૂત કૂવામાં પડ્યો. કૂવામાં પડ્યો ત્યારે તેને ભગવાન કૃષ્ણએ સાક્ષાત પ્રગટ થઈને પોતાના હાથમાં ઝીલી લીધો. ખેડૂત તો ધન્ય ધન્ય થઈ ગયો. સાક્ષાત ભગવાન કૃષ્ણને પોતાની સામે જોઈને ઘેલો ઘેલો થઈ ગયો, હસવું રડવું આનંદિત થવું તેને કંઈ જ સમજાયું નહીં. આંખોમાં આંસુ સાથે બે હાથ જોડીને બસતે પ્રભુને જોતો જ રહ્યો. જોતો જ રહ્યો અને રડતો રહ્યો.

થોડી વાર રહીને તે શાંત થયો પછી તેણે ભગવાનને પૂછ્યું, 'પ્રભુ, આજે મારી તપસ્યાનો પહેલો દિવસ હતો અને પેલા મહાત્માજી તો વર્ષોથી આવી તપસ્યા કરે છે અને તમે મને આજે જ મળી ગયા અને પેલા મહાત્માજીને તો વર્ષો થયા તપ કરતા તમે હજી સુધી મળ્યા નથી આવું કેવું?'

પ્રભુ હસ્યા અને બોલ્યા, 'ભક્ત તે મારા પર ભરોસો મૂકીને ઘસાયેલુ દોરડું બાંધીને તું લટકી ગયો કે મારો કૃષ્ણ આવીને મને બચાવશે. પેલો મહાત્મા વર્ષોથી મારું નામ લે છે પણ તેને મારા કરતાં વધુ ભરોસો પેલી લોખંડની સાંકળ ઉપર છે તે રોજ બરાબર સાંકળ મજબૂત છે કે નહીં તે બરાબર તપાસીને પછી પગ બાંધીને કૂવામાં લટકે છે. તેનો ભરોસો સાંકળ પર હતો અને તારો ભરોસો મારા પર હતો એટલે હું તને મળી ગયો. ભક્તિમાં સમર્પણ સાચું હોવું જોઈએ, શરણાગતિ દિલથી હોવી જોઈએ તો પ્રભુ ક્ષણવારમાં મળી જાય છે નહીંતર વર્ષો સુધી નામ જપ કરતા રહો.

સાચી શ્રદ્ધા, સાચું સમર્પણ, સાચી શરણાગતિ વિના કૃષ્ણ મળતો નથી.

# ન્યાયતંત્ર જ મહિલાઓના બંધારણીય હકનું રક્ષણ કરવામાં પાછી પડે છે

## કહેવાની વાત

નેહા શાહ

**કાયદાનું અર્થઘટન કરતી વખતે વર્ષો જૂનાં પિતૃસત્તાક સામાજિક મૂલ્યો માથું ઊંચું કરી લે છે અને સમાજમાં પ્રવર્તતો સામાજિક ભેદભાવ સપાટી પર આવી જાય છે**

મહિલાઓ સામેની જાતીય હિંસાના કિસ્સામાં ઘણી વાર લાગે છે કે ભારતીય બંધારણનાં મૂલ્યોને સાચવવાનું કામ સુપ્રીમ કોર્ટ વિના કેમનું સચવાયું હોત? બંધારણના અમલનાં પંચોતેર વર્ષ થયાં, પણ બંધારણનો અમલ કરનાર ન્યાયતંત્ર તેમજ કાયદા ઘડનાર ચૂંટાયેલા પ્રતિનિધિઓ અવારનવાર નાસીપાસ કરતા રહે છે. ૨૦૨૫ના વર્ષનું સરવૈયું કરીએ તો દેશની હાઈકોર્ટોના એક કરતાં વધારે ચુકાદા ધરાર સ્ત્રી વિરુદ્ધનાં લાગે. જાણે કાયદાના અર્થઘટનની આંટીઘૂંટીમાં એનો આત્મા જ કાઢી નાખ્યો હોય એવું લાગે. દેશ આખાનું ધ્યાન ફરી એક વાર ઉન્નાવ બળાત્કાર કેસ પર છે. સગીર વયના બાળકને જાતીય હિંસા સામે ન્યાય આપવા ઘડાયેલા પોક્સો કાયદા હેઠળના આ બહુચર્ચિત કેસમાં દિલ્હી હાઈકોર્ટે ગુનેગાર કુલદીપ સિંહ સેંગરની જન્મટીપની સજા મોકૂફ રાખી એને જમાનત આપી. સજાનાં સાત વર્ષ પછી કોર્ટને 'જાહેર સેવક' ની વ્યાખ્યા 'સરકારી નોકર' પૂરતી મર્યાદિત કરવું યોગ્ય લાગ્યું અને એ સમજ પ્રમાણે વિધાયક તો ચૂંટાયેલો પ્રતિનિધિ કહેવાય - સરકારી નોકર નહિ. કાયદામાં 'જાહેર સેવક'ની વ્યાખ્યા અલગ કરવા પાછળનો આશય તો ગુનેગાર અને પીડિતા વચ્ચેના સત્તાના દરજ્જાના દુરુપયોગને ધ્યાનમાં લેવાનો હતો, જે વિભાવનાને ગણતરીમાં લેવું કોર્ટને જરૂરી ના લાગ્યું! એ કુલદીપ સેંગરની સત્તાનો જ પ્રતાપ હતો કે એણે સત્તર વર્ષની સગીર બાળાનો બળાત્કાર કર્યો, સ્થાનિક પોલીસ ચોકી પર પીડિતાની ફરિયાદ નોંધાવાઈ નહિ, એના પિતાને બનાવટી કેસ હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા અને પોલીસ કસ્ટડીમાં એમનું મૃત્યુ થયું અને પાછળથી કાર એક્સિડન્ટમાં પીડિતા ગંભીર રીતે ઘવાઈ અને એની બે માસીઓનું ઘટના સ્થળે મૃત્યુ થયું! કોઈ એક જ પીડિતા સાથે આટલી બધી ઘટના ઘટવી એ યોગાનુયોગ તો ના જ હોઈ શકે. દેખીતી રીતે સત્તાનું વરવું પ્રદર્શન હતું. પણ, ખેર દિલ્હી હાઈકોર્ટનો મુડ જુદો હતો!

આ સમગ્ર ઘટના ક્રમમાં ઉન્નાવની દીકરીને સલામ કરવી ઘટે. આટઆટલાં વિઘ્નો પછી પણ એણે ન્યાય માટે લડાઈ ચાલુ રાખી. ૨૦૧૭માં પોલીસે ફરિયાદ ના નોંધી તો મુખ્યમંત્રીના આવાસ પાસે જઈ આત્મવિલોપનનો પ્રયાસ કર્યો કે જેથી નિષ્ઠુર સત્તાધીશોનું ધ્યાન જાય અને સાથે મીડિયાનું કવરેજ મળે તો આખા દેશનું ધ્યાન જાય. પિતાનું જ્યુડીશીયલ કસ્ટડીમાં મૃત્યુ અને ત્યાર બાદ જીવલેણ અકસ્માતમાં બે માસીઓનાં મૃત્યુ જેવા ઘાતક હુમલા પછી કોઈનો નિશ્ચય ડગી શકે છે - પણ આ પીડિતા એ ન્યાય માટેની લડાઈ ચાલુ રાખી. દેશભરથી નાગરિક સમાજનો ટેકો એને મળ્યો. ૨૦૧૯માં જ્યારે કુલદીપ સેન્ગર સામેના ગુના સાબિત થયા અને એને આજીવન કેદની સજા થઈ લાગ્યું હતું કે સંઘર્ષે રંગ રાખ્યો અને બાળાને ન્યાય મળ્યો હોય એવું આશ્વાસન મળ્યું હતું. પણ, આજે સાત વર્ષે દિલ્હી હાઈકોર્ટને સજા મોકૂફ રાખવું યોગ્ય લાગ્યું! પીડિતા, એની માતા એના પતિ અને અન્ય કુટુંબીજનોએ ઈન્ડિયા ગેટ જઈ કોર્ટના ચુકાદા સામે વિરોધ પ્રદર્શન કર્યા, કારણકે ઉનાવનો બાહુબલી જો પોતાના વિસ્તારમાં મોજૂદ હોય તો એ કાંઈ પણ કરી શકે. ભૂતકાળમાં આટલાં કુટુંબીજનોને ગુમાવ્યા પછી આ ડર અસ્થાને પણ નથી. પણ પોલીસ તેમને ત્યાંથી એવું કહી બળજબરીથી ખસેડ્યા કે કોર્ટે સેન્ગરને પીડિતાથી કમસે કમ પાંચ કિલોમીટરનું અંતર રાખવા કહ્યું છે તો પછી ચિંતા શાની? પોલીસની આ બાલિશ દલીલને એમનું ભોળપણ કહીશું કે પછી ગુનામાં સાજેદારી?

સત્તાધારીઓને મન બળાત્કાર જાણે સામાન્ય ઘટના છે. ઈન્ડિયા ગેટ પરથી પીડિતા અને એનાં કુટુંબીજનને હટાવાયાં એ સંદર્ભે ઉત્તરપ્રદેશના મંત્રી ઓ.પી. રાજભરનું નફ્ફટાઈભર્યું હસવું એની સાબિતી છે. હજુ પણ, જંતરમંતર પર યૌન શોષણનો વિરોધ કરી રહેલી આપણી મહિલા કુસ્તીવીરનો અવાજ સંભળાય છે. એમને પણ તો ટીંગાટોળી કરી હટાવાયાં હતાં. દેશ માટે જીતેલા એમના કોઈ મેડલ એમને કામ નહોતા આવ્યા. અને અંતે શું થયું? બ્રીજ ભૂષણ શરણ સિંઘ સામે ક્યાં કોઈ પગલાં લેવાયાં!

૨૦૨૫ની જ વાત કરીએ તો એપ્રિલ મહિનામાં જ સુપ્રીમ કોર્ટે અલાહાબાદ હાઈકોર્ટની જાતીય હિંસાના કેસમાં સંવેદનશીલતા જાળવવાની તાકીદ કરવી પડી હતી. ત્યારે પણ હાઈકોર્ટે બળાત્કારના અપરાધીના જામીન મંજૂર કર્યા હતા અને જાણે પીડિતાએ સામેથી આફત વહોરી હોય એવી પીડિતાના માથે જ દોષારોપણ કરતી ટીપ્પણી કરી હતી. પોક્સોના એક બીજા કેસમાં આરોપી પર લાગેલી કલમોને હળવી કરતાં અલાહાબાદ હાઈકોર્ટ ના જજે કહ્યું હતું કે સ્તનને સ્પર્શવું કે સલવારને ખેંચીને ઉતારવાને બળાત્કાર ના ગણાય! કાયદાનું આવું અર્થઘટન એટલું તો ભયાનક હતું કે સુપ્રીમ કોર્ટે સુઓ મોટો સુનાવણી કરી હાઈકોર્ટના આદેશની કડક શબ્દોમાં ઝાટકણી કાઢી હતી.

મહિલાઓ સામેની હિંસામાં ન્યાય ઘણી વાર છેતરામણો હોય છે. કાયદા તો આપણે કડક બનાવ્યા છે પણ એનો અમલ કરનારની સમજણ અને પૂર્વગ્રહ કાગળ પર લખાયેલા કાયદાથી બદલાતી નથી. કાયદાનું અર્થઘટન કરતી વખતે વર્ષો જૂનાં પિતૃસત્તાક સામાજિક મૂલ્યો માથું ઊંચું કરી લે છે અને સમાજમાં પ્રવર્તતો સામાજિક ભેદભાવ સપાટી પર આવી જાય છે, જે આપણા બંધારણનાં મૂલ્યોનું રક્ષણ કરવામાં નાસીપાસ થાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ગુજરાતમાં સ્ત્રી ભૃણ હત્યા કાયદેસર કરી દેવી જોઈએ, શું કહો છો?

## રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

**મૂળમાં આ લોકો સ્ત્રીને કોઈ પણ સ્વતંત્રતા આપવા માંગતા નથી. કેટલાંય ગામોમાં સ્ત્રીઓને મતદાન માટે બહાર નીકળવા દેવામાં આવતી નથી. જીન્સ પહેરવા ઉપર પ્રતિબંધ છે. ઘણાં ગામો છોકરીઓને મોબાઈલ વાપરવા દેતાં નથી. આ લોકો રાત્રે ઊંઘી શકતાં હશે ખરાં? કારણ છોકરીઓ સ્વપ્નાં તો જોવાની જ ને?**

"સાહેબ, એક કામ કરો. સ્ત્રી ભૃણ હત્યા કાયદેસર કરી દો! "ના રહેગા બાંસ ના બજેગી બાંસુરી". દીકરી જન્મશે તો મોટી થશે અને તો એને ભણવાનું મન થશે, ભણશે તો નોકરી કરવાનું મન થશે. મોબાઈલ વાપરવાનું મન થશે, ગરબા ગાવાનું મન થશે અને મનગમતાં કપડાં પહેરવાની ઈચ્છા થશે અને પરણવા યોગ્ય થશે તો મનગમતા મુરતિયા સાથે લગ્નનો મુદ્દો ઊભો થશે. આ પેલા વિધર્મીઓના મનસુબા પર તો પાણી ફરી વળશે. જો દીકરીઓ જન્મશે જ નહીં! હા, આપણા દીકરાઓ મોટા થશે ત્યારે પરણશે ક્યાં તે પ્રશ્ન થશે પણ વાંધો નહીં. આપણે પંચમહાલથી માંડીને રશિયા સુધી સંબંધ છે મેળ પાડી દઈશું. બાકી આપણા સમાજની દીકરી બીજે જાવા દેવી નથી.

2001 માં વસતીગણતરીમાં ૧૦૦૦ પુરુષની સામે સ્ત્રીઓનું પ્રમાણ ૯૨૪ થયું ત્યારે સમાજશાસ્ત્રીઓ અને નિસ્બતવાળાં લોકોનું ધ્યાન ગયું કે આ અસમાનતા નુકસાન કરશે. ગુજરાતમાં માનનીય મોદી સાહેબ મુખ્યમંત્રી બન્યા અને સ્ત્રી પુરુષ રેશિયો અસમાન હોવાથી હરિયાણામાં બેટી બચાવો બેટી પઢાઓ સ્લોગન સાથે સતી ભૃણ હત્યા વિરુધ્ધ જુવાળ ઊભો કરવામાં આવ્યો. ગુજરાતમાં પણ મહેસાણા જિલ્લા અને ખાસ તો ઊંઝામાં સ્ત્રીજન્મનું પ્રમાણ ઘટ્યું હતું. મુખ્યમંત્રીશ્રી એ ગુજરાતમાં સ્ત્રી ભૃણ હત્યા રોકવા અને સ્ત્રી પુરુષ દર જાળવવા બેટી બચાવ આંદોલનને હાથમાં લીધું એટલું જ નહીં કન્યા કેળવણી રથ દ્વારા બેટી પઢાઓની વાત પણ ઉપાડી લીધી. ભારતીય કથા મુજબ કંસ પોતાના ભાણેજને જન્મ્યા પછી મોતને ઘાટ ઊતારતો હતો પણ સ્ત્રીવિરુદ્ધ માનસિકતાવાળાં લોકોએ વિજ્ઞાનના વરદાનરૂપ સોનોગ્રાફી મશીનનો દુરુપયોગ કર્યો અને ગર્ભમાં રહેલું બાળક કન્યા છે તે જાણ્યું તો તેનો નાશ કર્યો. મતલબ કે કંસ તો દેવકીનાં બાળકોને જન્મ્યા પછી મારતો હતો. આપણે તો પોતાનાં જ બાળકોને જન્મ્યા પહેલાં માર્યાં. પણ રે વસતીગણતરી... સરકાર જાગી અને જાતિ પરીક્ષણ ગુનો ગણવાનું શરૂ થયું. સ્ત્રી ભૃણ હત્યા પાપ તો ખરું જ પણ હવે અપરાધ ગણાયો અને ગર્ભપાત કાયદેસર હતો પણ જાતિ પરીક્ષણ બાદ ગર્ભપાત અપરાધ ગણાયો. આદર્શનાં પ્રવચન થયાં. સરકારે દીકરીના જન્મને પ્રોત્સાહિત કર્યું. અગાઉ સ્ત્રીશિક્ષણ મફત , નોકરીમાં મહિલા અનામત અને આગામી સમયમાં સંસદમાં પણ મહિલા અનામતના લાભ જાહેર થયા એટલે વળી કન્યાનો જન્મ આવકારદાયક બનવા લાગ્યો. ઘણાંને દીકરી જોઈતી ન હતી પણ ગર્ભ પરીક્ષણ ના થયું એટલે મજબુરીથી બાળકીને જન્મવા દેવી પડી.

ગુજરાતમાં ખાસ તો ઉત્તર ગુજરાતમાં માત્ર પુત્રજન્મ થયા હતા એટલે તે કુંવર મોટા થયા ત્યારે કન્યાઓ ખૂટી પડી. એક તો જ્ઞાતિમાં કન્યા જ ઓછી અને એમાં જે જન્મી હોય તે બીજી જ્ઞાતિમાં જતી રહે તો જ્ઞાતિના કુંવરો, કુંવારા રહે એ બીકે "સમાજની કન્યા સમાજમાં" જેવાં અસામાજિક સૂત્રો વહેતાં થયાં. વળી યેન કેન પ્રકારે જ્ઞાતિ આગેવાન થઈ જાતિવાદી રાજનીતિમાં પ્રવેશવાનો સરળ મુદ્દો પ્રેમલગ્નનો વિરોધ કરી હીરોગીરી કરવાનો છે. એટલે લગ્ન નોંધણીમાં મા-બાપની સંમતિ ફરજીયાત જેવા ફતવા બહાર પાડવાની વેળા આવી છે. મૂળમાં આ લોકો સ્ત્રીને કોઈ પણ પ્રકારની સ્વતંત્રતા આપવા માંગતા નથી. આજે પણ ઉત્તર ગુજરાતનાં કેટલાંય ગામોમાં સ્ત્રીઓને મતદાન માટે બહાર નીકળવા દેવામાં આવતી નથી. ઘણી શિક્ષણ સંસ્થાઓમાં છોકરીઓને જીન્સ પહેરવા ઉપર પ્રતિબંધ છે. ઘણાં ગામો છોકરીઓને મોબાઈલ વાપરવા દેતાં નથી. આપણને થાય કે આ લોકો રાત્રે ઊંઘી શકતાં હશે ખરાં? કારણ છોકરીઓ સ્વપ્નાં તો જોવાની જ ને? તેમના પર તો આમાંનો પ્રતિબંધ નહીં ચાલે!

આ રાજ્યમાં આનંદી બહેન 'પટેલ' પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે આવ્યાં તેનું ગૌરવ રાખવું હોય તો આવા અર્થ વગરના કાયદાઓનો વિરોધ થવો જોઈએ. કોઈ પણ એકાદ જ્ઞાતિ સંગઠન માંગ કરે એટલે સરકારે તરત તેના પર વિચાર ના કરવાનો હોય. આ દેશમાં બંધારણ છે. બીજા જ્ઞાતિ સમુદાયો પણ છે. એ સૌનો મત પણ જાણવો પડે. રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ "હેલ્લારો"ના દિગ્દર્શક અભિષેક શાહ એક વાર કહી રહ્યા હતા કે મને આ ફિલ્મ બનાવવાનું કારણ એ હતું કે "કોઈ તલવારની ધાર પર નર્તનને કેવી રીતે રોકી શકે?" ફિલ્મમાં સ્ત્રીઓને ગરબા ગાવા પર પ્રતિબંધ હતો એ બતાવાયું ત્યારે ઘણાં કહેતાં કે પહેલાં આવું હતું પણ હવે નથી. આ લોકો ખોટાં પડ્યાં. સુરતમાં અત્યારે જ એક દીકરીના ગીત-સંગીતના કાર્યક્રમને રોકવામાં આવ્યો. એક દીકરીને પરણતી અટકાવવામાં આવે છે તો એકને ગાતી રોકવામાં આવે છે.

જો આવું જ કરવાનું હોય અને એક સમાજ તરીકે આપણે એ મૂંગે મોઢે જોયા કરવાનું હોય તો એના કરતાં સરકારને વિનંતી કે સ્ત્રી ભૃણ હત્યા કાયદેસર કરી દો એટલે જેમને સ્ત્રી જાતિ સામે જ વાંધો છે તે દીકરીને જન્મ જ નહીં આપે અને એ પરિણામે લગ્ન માટે મંજૂરી, ગરબા ગાવા માટે મંજૂરી જેવા પ્રશ્નો જ ઊભા નહીં થાય. જે દીકરીઓને સ્વતંત્રતા આપવા માંગતા હશે તે જ ઘરમાં દીકરીને જન્મ આપશે. બાકી એક દીકરી પૂછે છે કે મારે મરજી મુજબ જીવવાનું જ નો'તું તો મને જન્મ જ શું કામ આપ્યો?.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## દેખો, દેખો કુતુબમિનાર દેખો

84 વર્ષ પહેલાં અમારું સૌથી પહેલું ટી.વી. (??) હતું, હાલતું ચાલતું ફરતું દૂરબીનવાળું ટી.વી.! ગામડાંઓ માટે અદ્ભુત મનોરંજન હતું એ ગામડિયું ટી.વી.! બૂમ સાંભળતાં જ અમે દોડી જતાં. ચાર પૈસા (એક આનો) નું મનોરંજન! આજે પણ યાદ આવતાં હૃદય અને મન તરોતાજા થઇ જાય છે. નૈસર્ગિક આનંદ હતો એ... ત્રણેક ખાનાવાળું, એક સાથે ત્રણેક છોકરા-છોકરીઓ જોઇ શકતાં. દિલ્હીનો કુતુબમિનાર, આગ્રાનો તાજમહેલ, ચેતક સવાર રાણાપ્રતાપ, શિવાજી મહારાજ વગેરેના ફોટા જ તો! પણ એ બધું જોવાની ખૂબ જ મઝા પડતી. એવા તો મનોરંજનનાં બીજાં પણ અનેક પાત્રો હતાં. આજે એ બધાં ભૂતકાળમાં સરી ગયાં? પિત્તળના વાસણમાં કલાઇ કરવાવાળો, મદારી, વાંદરા-વાંદરીના ખેલવાળો, કથપૂતળીવાળો, નટ બજાણીઓ, શરણાઈવાળો વગેરે. આ બધાં અમારા મનોરંજનના સાવ સસ્તા ઘરે આવનારાં પ્રિય પાત્રો હતાં. વર્તમાન મનોરંજનની સરખામણી કરવી કદાચ, અળખામણી બની જાય! હવે તો દુનિયા મેરી મુઠ્ઠીમેં શાબાશ ટેકનોલોજી શાબાશ!

ચીખલી - રમેશ એમ. મોદી

## જંત્રીના ભાવઘટાડા અંગે રાજય સરકાર ગંભીર બને

વર્ષ 2023 એ ગુજરાત સરકારે જંત્રીના ભાવ ડબલ કરી દીધા હતા જેથી સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફીમાં ધરખમ વધારો થઇ ગયો હતો. આજે મકાન, ફલેટોના ખરીદ-વેચાણની ટકાવારી ખૂબ જ નહીંવત્ જોવા મળી રહી છે. આ અંગે રીયલ એસ્ટેટસ બિલ્ડર લોબી અને વરિષ્ઠ વકીલો દ્વારા ખૂબ જ વિરોધ થયો હતો અને થઇ રહ્યો છે પરંતુ જંત્રીના ભાવઘટાડા અંગે રાજય સરકાર તરફથી માત્ર ને માત્ર આશ્વાસન મળ્યું છે. કોઇ ચોક્કસ પરિણામ આવ્યું નથી જે દુર્ભાગ્યપૂર્ણ છે. હવે હાલમાં જ સુરત જિલ્લામાં વકીલમંડળના નવા ચૂંટાયેલા પ્રમુખ, ઉપપ્રમુખ અને નવી બોડી જે 1 જાન્યુઆરીથી ચાર્જ લેવાની છે તેમને મારો અનુરોધ છે કે આ ડબલ કરેલા અયોગ્ય જંત્રીના ભાવ શકય હોય એટલા જલ્દી ઘટાડવા અંગે મુ.મંત્રીને લેખિત રજૂઆત કરે જેથી જલ્દી પરિણામ જોવા મળે જે રાજયની જનતાના હિતમાં હશે.

સુરત - રાજુ રાવલ

## આપણે આટલાં અસહિષ્ણુ તો નહોતાં

નાતાલના દિવસે દેશમાં કેટલીક જગ્યાએ ક્રિસમસની ઉજવણી દરમિયાન કેટલાંક સનાતનીઓએ તનાતની બોલાવી એવા વિડિયો વાયરલ થયા છે. સનાતનપ્રેમીઓએ ભાંગફોડ અને તોડફોડ પણ કરી. વિશ્વ ગુરુ જો બે દેશો વચ્ચેના યુદ્ધને અટકાવી શકતા હોય, વિપક્ષના કદાવર નેતાઓને જેલમાં નાખી શકતા હોય તો આવાં ભાંગફોડિયાંઓને કન્ટ્રોલ ન કરી શકે? આ બધું મોદી સરકાર પ્રેરિત અને રહેમનજર હેઠળ થઈ રહ્યું છે. જ્યારે બીજી બાજુ એ જ દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચર્ચની પ્રાર્થનાસભામાં ભાગ લીધો એવો વિડિયો પણ વાયરલ થયો છે. મોદી સરકારના આવ્યા પછી દેશમાં કોમી સંવાદ અને સૌહાર્દ ખોરવાયાં છે, જ્ઞાતિવાદ વકરેલો છે. સરકાર સત્તાના નશામાં મદહોશ છે એટલે કાયદા કાનૂન બેહોશ અવસ્થામાં દેખાય છે. ચારે કોર ભ્રષ્ટાચાર અને અરાજકતાનો માહોલ છે. આ બધું જેને ન દેખાય એને અંધભક્ત કહેવાય. અમેરિકાના વ્હાઈટ હાઉસમાં દિવાળી ઉજવાય ત્યારે આપણે હરખપદુડાં થઈએ છીએ. કોઈ વિધર્મીના દેશમાં મંદિર બને ત્યારે આપણે ગૌરવ લઈએ છીએ. કોઈ ગોરો "હરે રામ હરે કૃષ્ણ" ગાય ત્યારે આપણે કોલર ઊંચા કરીએ છીએ પણ આપણી ધરતી પર અન્ય ધર્મના લોકોના તહેવારો ઉજવાય ત્યારે આપણી લાગણી દુભાય છે. નાતાલ પર થયેલી ભાંગફોડના વિડીયો જ્યારે ખ્રિસ્તી સમુદાયમાં ફરતા થશે ત્યારે તેઓના મનમાં હિન્દુ ધર્મ માટે કેવી છાપ ઊભી થશે એવું આ સનાતનીઓએ વિચાર્યું છે? આમ પણ અત્યારે વિદેશોમાં રહેતાં હિન્દુઓની હરકતોને કારણે સ્થાનિક લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે. ટ્રમ્પ અત્યારે આમ પણ ભારત માટે આડા ફાટેલા છે એટલે હિન્દુઓની આવી હરકતો જોઈને હિન્દુઓને આડેહાથ લે તો નવાઈ નહીં. લગભગ દુનિયાના ઘણા બધા દેશોએ ખ્રિસ્તીઓએ આપેલું કેલેન્ડર સ્વીકારી લીધું છે અને દુનિયામાં વર્ષ પણ એ પ્રમાણે જ બદલાય છે. સનાતનપ્રેમીઓને જો ખ્રિસ્તી ધર્મ માટે એટલો જ વાંધો હોય તો જાન્યુઆરી ટુ ડિસેમ્બરને બદલે ચલણમાં કારતકથી આસો જ ચાલુ કરી દેવું જોઈએ. હિન્દુ ધર્મની પરંપરા મુજબ રાંધવાનું, જમવાનું અને શૌચાલય આ ત્રણેય માં "બેઠક" હતી, હવે ખ્રિસ્તીઓના પ્રભાવ હેઠળ ઘરે ઘરે આ ત્રણેય બેઠક હવે "ઉભડક" બની ગઈ છે, તો એનો ત્યાગ કરવો રહ્યો ને? હિન્દુ ધર્મની છાપ અત્યાર સુધી શાંત અને સહિષ્ણુ તરીકે રહી છે પરંતુ છેલ્લાં થોડાંક વર્ષોથી એમાં ઉન્માદ અને ઉશ્કેરાટ દેખાઈ રહ્યાં છે. ધર્મી નહીં પરંતુ માનવી બનીએ એવી નવા વર્ષની શુભેચ્છાઓ.

સુરત - પ્રેમ સુમેસરા

## અસ્વચ્છ ચલણી નોટ

આપણે રોજિંદા જીવનમાં ડગલે ને પગલે ચલણી નોટોનો ઉપયોગ તો કરતા જ હોઈએ છીએ, તેમાં પણ જો કડકડતી નવી નકોર નોટ જો વાપરવા મળે તો એનો આનંદ કાંઈ ઓર જ હોય છે. મોટે ભાગે તો વપરાયલી કે વધુ વપરાયલી નોટ જ આપણા ભાગે આવે છે. સ્વચ્છતા અને સ્વાસ્થ્ય બંને એકબીજાના પર્યાય જોવા મળે છે. જ્યાં સ્વચ્છતાનું પ્રમાણ વધુ હોય ત્યાં સ્વાસ્થ્યનું પ્રમાણ પણ વધુ જોવા મળે છે. આજના કોમ્પ્યુટર યુગમાં પણ ચલણી નોટોનો વ્યવહાર ખૂબ જ ગતિશીલ છે. આ કારણે સામાજિક વ્યવહારમાં સ્વાસ્થ્ય પ્રત્યે કાળજી લેવી ખૂબ જ જરૂરી છે. દરેક નોટ આશરે દસ પંદર લાખ હાથોમાંથી પસાર થાય છે. આ અસ્વચ્છ નોટ વ્યક્તિના આરોગ્ય માટે જોખમી સાબિત થઇ શકે છે. કારણ કે આવી નોટો સાથે બેકટેરિયા જોડાયેલા હોય છે. આવી અસ્વચ્છ નોટ વડે વાયરલ ફ્લ્યુ, વિવિધ ઈન્ફેકશન, એરર્જી જેવા અનેક રોગો જન્મ લેતા હોય છે. ડૉક્ટરોનું પણ માનવું છે કે આવી અસ્વચ્છ નોટ દ્વારા મોં, નાક તથા આંખોમાં બેકટેરિયાનું વહન થઇ શકે છે. આ પ્રકારની નોટો વાપરવા સિવાય આપણી પાસે બીજો કોઇ વિકલ્પ નથી. હા, ઓનલાઇન પેમેન્ટની સુવિધા છે પણ દરેક માટે તે શક્ય નથી. જો આવી નોટો વાપરવી પડે તો આપણા સ્વાસ્થ્ય ખાતર હાથ હેન્ડવોશથી ધોવા જોઇએ અથવા સેનિટાઇઝરનો ઉપયોગ કરવો હિતાવહ છે.

સુરત - શીલા સુભાષ ભટ્ટ

## કોનાર્ક..... સૂર્યમંદિર

ગંગવંશરાજાનું રાજ્ય ઉત્કલ ઉર્ફે કલિંગ ઉર્ફે ઓરિસ્સા, નરસિંહદેવ રામએ ચંદ્રભાગા અને દરિયાના મિલન પાસે બનાવેલ સૂર્યમંદિરની મૂળ ઊંચાઈ 227 ફુટ હતી. જે કોનાર્કના સૂર્યમંદિર તરીકે હવે ઓળખાય છે. કોણ એટલે ખૂણા અને અર્ક એટલે સૂર્ય. આ મંદિરનો કળશ એક શક્તિશાળી મેગ્નેટ હતો. એ બીજા પથ્થરોનો પોતાના તરફ ખેંચી રાખે. તે સમયે મંદિર બનાવવા 40 કરોડ સુવર્ણમુદ્રાનો ખર્ચ કરવામાં આવેલો. પોર્ટુગિઝોએ મંદિરના મેગ્નેટને તોડી નાખતા કાળક્રમે ઊંચાઈ ઘટી, એવું ત્યાના ગાઈડ સમજાવે છે. વિષ્ણુ સહુરાણાના પુત્ર ધર્મપદે ફરી કળશ ચઢાવવાનું બીડુ ઝડપેલું. મોગલોએ એને ખંડિત કરેલો જે ભારત સરકારના પુરાતત્વ વિભાગે પુનઃ સુધાર્યો. માનવજીવનના ત્રણ તબક્કાઓ બાલ્યાવસ્થા, યુવાની અને વૃધ્ધાવસ્થાના જીવનને પ્રદર્શિત કરતા આ મંદિરમાં 7 ઘોડા અને 24 પૈંડાવાળો રથ જોવા મળ્યો. મધરટેરેસાએ કુષ્ટરોગીઓના દર્દી માટે કેન્દ્ર શરૂ કર્યું હતુ અહી. મંદિરનું દ્વાર સિંહદ્વાર તરીકે ઓળખાય. મંદિરના પથ્થરો સિમેટ વગર જ એકબીજા સાથે જોડાય! અહીની સમ્મપલપુરી સાડીઓ પ્રખ્યાત આપણી રૂપિયા 20ની નોટ પર આ મંદિરના 6 નંબરનું ચક્ર અંકિત છે. ખરૂ આકર્ષણ અંતભાગમાં આવતા 24x24 ના નક્કર પથ્થરના કોલબેલે જમાવ્યું. એક છેડે નાનો પથ્થર લઈ ઠોકો તો સામે છેડે ઉભેલ વ્યક્તિને તેનો રણકાર સંભળાય. સ્વયં પ્રયોગ કરી ધન્યતા અનુભવી દુર્લભ હતી એ ક્ષણ.

સુરત - કુમુદભાઈ બક્ષી